# તમારા બાળકને પ્રમાણિક બનાવવા શું કરશો ?

વ્યક્તિને જીવવા માટે હવા, પાણી અને ખોરાકની જરૂર પડે છે, પણ સામાજિક પ્રાણી તરીકે વ્યક્તિને મુલવીએ તો દરેક વ્યક્તિ સમાજમાં રહીને ચોક્કસ મોભો મેળવવા ઇચ્છે છે. આ મોભો જ વ્યક્તિને આંતરિક અને બાહ્ય આનંદ આપી શકે છે. આવો મોભો ક્યારે મળે ? કેટલાક વ્યક્તિ આવો મોભો કે સ્ટેટશ મેળવવા માટે પૈસા ભેગા કરે છે તો કોઇ વ્યક્તિ પ્રતિષ્ઠા એકઠી કરે છે. પણ આ બંનેમાંથી સાચો રસ્તો કયો ? આજે પણ ઘણાં વ્યક્તિ અવું માને છે કે, પૈસો હોય તો બધું જ આવે, પ્રતિષ્ઠાને શું કરવાની? ત્યારે જવાબ છે કે, પૈસો હોય એટલે પ્રતિષ્ઠા આવે જ એવું માનવાની જરૂર નથી, મોટાભાગે પૈસાના કારણે જ પ્રતિષ્ઠા જતી હોય છે. આમછતાં આજના સમયની ભારતીય ઉપખંડની વાત કરીએ તો દુ:ખ સાથે કહેવું પડશે કે, ભારતમાં મોટાભાગે જ્યાં પ્રતિષ્ઠા છે ત્યાં પૈસો નથી અને જ્યાં પૈસો છે ત્યાં પ્રતિષ્ઠા નથી. જેથી ઘણાં માણસો પૈસાની પાછળ દોટ મૂકીને તેને જ ભગવાન અને સર્વસ્વ માનીને જીવવાનું પસંદ કરે છે. મોટાભાગના લોકોની માન્યતા તો એ જ છે કે, પૈસો હશે તો લોકો બોલાવશે, પૈસો હશે તો પ્રતિષ્ઠા સ્થપાશે જ, પૈસો જ બધી બાબતોને ખેંચી લાવશે. ત્યારે એવા લોકોની સામે દલીલ છે કે, ભૂતકાળને યાદ કરો. તમે ગાંધીજી, વલ્લભભાઇ પટેલ, અબ્રાહમ લિંકન, રાજા હરિશચંદ્ર, મધર ટેરેસા વગેરેને ઓળખો છો, ભલે તેઓ આજે આ દુનિયામાં નથી અને તેમને તમે જોયા પણ નથી, તેમના વિશે ઘણું જાણો પણ છો. અહીં એક પ્રશ્ન કરું કે, તમે આ લોકોને શા કારણથી ઓળખો છો ? તે લોકો પાસે પૈસા હતા ? હજુ તમે યાદ કરશો તો આવા બે-ત્રણ નહીં પણ અનેક નામ તમારી સામે આવશે. હવે એવા નામ યાદ કરો જે આજે દુનિયામાં નથી, પણ ખૂબ જ પૈસાદાર હતા. કેટલા નામ તમે યાદ કરશો ? કદાચ એકપણ નહીં ? આવું કેમ ? લોકો કોને યાદ કરે છે અને કોને યાદ રાખે છે ? પૈસાદાર ને કે પ્રતિષ્ઠાદારને ? શું મોટું કે મહાન ? શું કમાવું જોઇએ ? પૈસા કે પ્રતિષ્ઠા ? પણ આ પ્રતિષ્ઠા પૈસાથી નહીં આવે, પ્રામાણિકતા હશે તો સો ટકા આવશે. માટે જ તમારા બાળકને પૈસાદાર બનાવવા કરતાં પ્રામાણિકતાવાન બનાવવાના પ્રયત્ન કરવા જોઇએ. તો બાળકને પ્રામાણિક બનાવવા વાલી તરીકે તમે શું કરી શકો ? તે માટેના કેટલાક વર્તનવ્યવહાર કે ક્રિયાઓ કે પ્રવૃત્તિઓ અહીં રજૂ કરું છું.

બાળકની સામે હંમેશાં પરામાણિક બનીને જ વર્તન કરો. બાળકની હાજરીમાં ક્યારેય અપ્રામાણિકતાભર્યું વર્તન ન કરો કે વચન ન બોલો. -પોતાના બાળકને પ્રામાણિકતા વિકસાવી શકે તેવા પુસ્તક અને સામાયિકોનું વાંચન કરાવવું -ઘરમાં સમૂહ પ્રાર્થના કે ચર્ચા કરાવવા -બાળકો સાથે દરરોજ ઓછામાં ઓછો અડધો કલાક ફાળવવો અને વિવિધ ચર્ચાઓ કરવી -બાળકને પહેલાં પ્રોત્સાહન આપો, પછી શીખામણ આપો -વાલીએ પોતે બાળક માટે આદર્શ બનવું -કોઇ અયોગ્ય ઘટનાની ચર્ચા બાળકની હાજરીમાં ન કરવી -બાળક કોઇ પ્રામાણિકતા ભર્યું વર્તન રે તો તેને બિરદાવવો અને તેની વાત પડોશમાં પણ કરવી -સગાં કે પરિચિત વ્યકિંતએ પ્રામાણિકતા દાખવી હોય તો તેની ચર્ચા ઘરમાં બાળકો સાથે અવશ્યપણે કરવી જ -પ્રેરણા આપી શકે તેવા કાર્યક્રમમાં બાળક સાથે જવું અથવા તો બાળકને મોકલવો -પ્રેરણા આપી શકે તેવી સંસ્થાની અવારનવાર મુલાકાત લેવી -પડોશમાં કે પરિચિત કોઇ બાળકે પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હોય તો તેને પોતાના બાળકની હાજરીમાં બિરદાવવા -સમાજમાં પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડનારની રૂબરું મુલાકાત લેવી જો તે શક્ય ન હોય ત્યારે પત્ર દ્વારા પણ

જે તે વ્યક્તિને અભિનંદન પાઠવવા -બાળકોને અપ્રમાણિક વ્યક્તિઓથી દૂર રાખવા -ટીવીના કોઇ કાર્યક્રમ કે સમાચારપત્રમાં આવેલ ઘટના પર ઘરમાં ચર્ચા કરો -શાળા જ્યારે જ્યારે આમંત્રણ આપે ત્યારે શાળામાં અચૂક જવું જોઇએ -શિક્ષક બાળક અંગે કોઇ ચર્ચા કરવા બોલાવે તો અવશ્ય જવું -શિક્ષકે મૌખિક કે લેખિત કોઇ સૂચન કરેલ હોય કે માહિતી આપી હોય તો તેના પર વિચારણા કરવી અને અમલ કરવો.- ઉપરાંત કેટલીક વાર્તાઓ કે મહાન વ્યક્તિના ઉદાહરણો વારંવાર સંભળાવો જેમકે, વિનોદી નીલકંઠની વાર્તા " બે રૂપિયા" -ગાંધજીના અનેક ઉદાહરણો -ઇન્દ્ર અને શિબિ રાજાની પૌરાણિક વાર્તા -રાજા હરિચંદ્રનું ઉદાહરણ -ગોપાલકૃષ્ણ ગોખલેનો બધા દાખલા સાચા ગણવા બદલ સન્માન વખતે એક દાખલો બાજુવાળામાંથી જોઇને ગણેલો તેની કબૂલાત – રવિશંકર મહારાજ – જેલમાં રસોઇઆ હતા, છતાં ઘણીવાર પોતે ભૂખ્યા રહીને અન્યને જમાડતા -મહાભારત, રામાયણ, કુરાન, બાઇબલ વગેરે ધાર્મિક પુસ્તકોમાંથી અનેક ઉદાહરણો મળે –તમને થયેલ અનુભવો -પ્રાણીની વાર્તાઓ વગેરે.

હવે પ્રશ્ન થાય કે, તમે ઉપરોક્ત જેવા અનેક વર્તન કર્યા છે તો તમારું બાળક પ્રામાણિક છે કે નહીં તે કેવી રીતે જાણી શકાય. આ જાણવાના અનેક રસ્તા છે, જેમકે, -માતા-પિતા અને વડિલોની આજ્ઞાનું પાલન કરે -ઘરમાં પોતાનું કામ જાતે કરે -ઘરના સભ્યો માટે મદદની ભાવના રાખે -ઘરના સભ્યો સાથે અવારનવાર ચર્ચા કરે, કોઇ બાબત જાણે, સમજે -પડોશી પ્રત્યે સદ્ભાવના રાખે -પડોશીને માન આપે -ઘરના સભ્યોની સાથે રહીને કામ કરે - ચર્ચા કરે -ઘરમાં સ્વચ્છતા રાખે અને રખાવે -ઘરના કે પડોશીના સભ્યોની સારી બાબતોમાંથી પ્રેરણા મેળવે અને તે મુજબ વર્તન કરે -પોતાના આચરણ થકી નાના-ભાઇ બહેનોને પ્રેરણા પૂરી પાડે -ઘરના વડિલોના જીવનના અનુભવો જાણે અને સારી બાબતો માટે ગૌરવ અનુભવે તેમજ તેને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે -ઘરમાં થતાં મતભેદો વખતે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ રીતે નમ્રતાથી જણાવે -પોતાની આસપાસ થતા ઝગડાંઓથી દૂર રહે -અન્યની સેવા કરે તેમ જ પોતાના પૈસાથી દાન કરે -પોતાના વારસાનું જતન કરે અને ગૌરવ અનુભવે -પોતાની જવાબદારી પૂરી કરે -પોતે કરેલ કામની જવાબદારી સ્વીકારે, બીજા પર આરોપ ન મૂકે -અન્યને સારું લગાડવા માટે નહીં, પણ પોતાની ફરજના ભાગરૂપે કામ કરે -મુખ્ય વ્યક્તિની ગેરહાજરીમાં પણ પોતાની જવાબદારી નિભાવે -ઘરમાં બનેલ કોઇ બનાવનો વિરોધ કરવા જેવો લાગે તો યોગ્ય રીતે વિરોધ કરે -ઘરમાં કોઇએ સારું કામ કર્યું હોય તો તેને અભિનંદન આપે, પોતાના દરેક કામ જાતે કરે . વગેરે. ઉપરાંત ઘર બહાર પણ કેટલીક પ્રવૃત્તિઓ કરે, જેમકે, -સમાજમાં જોવા મળતી નકારાત્મક બાબતોથી દૂર રહે અને શક્ય હોય ત્યાં વિરોધ કરે -સમાજમાં બનતી હકારાત્મક બાબતોને અપનાવે -સમાજમાં અન્ય દ્વારા થતાં સારાં કામને બિરદાવે કે પત્ર લખે -જાહેર મિલકતને સાચવે -જાહેર સેવાનો દૂરોપયોગ ના કરે -સાંસ્કૃતિક કાર્યોમાં ભાગ લે -સામાજિક કાર્યોમાં જોડાય -લોકઝુંબેશના કાર્યોની માહિતી મેળવે અને જરૂર લાગે ત્યાં જોડાય -પારકી વસ્તુ પર પોતાનો હક્ક ન જમાવે -અન્ય બિનપરિચિત વ્યક્તિ સાથે અનુકૂળતા સાથે તેમજ નમ્રતાભર્યું વર્તન કરે -પરિવાર જેવું વર્તન પડોશમાં પણ કરે -પોતાનાથી મોટાને માન આપે અને નાનાને માર્ગદર્શન આપે -બીજાનો પણ વિચાર કરે -સામાજિક સંસ્થાઓની અવારનવાર મુલાકાત લે --કુદરતી આપત્તિ વખતે લોકોને મદદ કરવા ઘરના સભ્યોને સમજાવે અને પોતે પણ મદદ કરે -નિયમનોભંગ કરનારને રોકે- નિયમોનું ચુસ્ત રીતે પાલન કરે વગેરે.